# નિયમ સંગ્રહ-૧૫

## માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સવલતોની વિગતો.

### માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧. **નાગરિક સુવિધા કેન્દ્ર :**

નાગરિક અધિકારપત્ર અમલીકરણ માટે અને માહિતી મેળવવા માટે નાગરિક સુવિધા કેન્દ્ર દરેક જાહેર માહિતી અધિકારીની કચેરીમાં સ્થાપનામાં આવેલ છે.

૨. **વન ચેતના કેન્દ્ર :**

વન,વન્યપ્રાણી અને પર્યાવરણની જાળવણી માટે લોક જાગૃતિ કેળવવા તથા જરૂરી શિક્ષણ આપવા સારૂ વન ચેતના કેન્દ્ર હોય છે.

૩. **પ્રદર્શન સહ સંશોધન કેન્દ્ર :**

વન વિકાસ અન્વયે વિવિધ સંશોધન કાર્યક્રમો અમલમાં મુકેલ છે જે બાબતે મળેલ પરિણામોની જાણકારી મેળવી શકાય છે.

**૪. અભિરૂચી કેન્દ્ર (ઈન્ટરપ્રિટેશન સેન્ટર) :**

વન્યપ્રાણી અંગેની જાણકારી તેમજ અનુભવઓની આપ લે અને ક્ષેત્રમાં અમલમાં મુકી શકાય તેવા વિચાર વિમર્શ – અનુભવનું આદાન પ્રદાન કરી શકાય છે.

**૫. વેબ સાઈટ :**

જીસ્વાન પર વન વિભાગની વેબસાઈટ બનાવેલ છે.

http://www.gujaratforest.org

**૬. પ્રકાશન અને સંપર્ક વિભાગ :**

વન વિભાગને લગતી વિવિધ પ્રકારની જાણકારીઓ તથા માહિતીઓ ઉપલબ્ધ છે.

**૭. પ્રકૃતિ શિક્ષણ શિબિર :**

વનો તથા વન્ય જીવો વિશેની ઉંડાણમાં માહિતી તથા પ્રત્યક્ષ અનુભવો અને અવલોકનો શાળાના વિધાર્થીઓ પાસે કરાવવામાં આવે છે.

**૮. કિસાન શિબિર :**

સામાજીક વનીકરણ વિભાગે ગ્રામ સ્તરે ખેડૂતોને વૃક્ષોની ખેતી દ્વારા વધુ આવક મળે તે વિષયક સંલગ્ન જ્ઞાન તથા જાણકારીની વુધ્ધિ થાય તેવા કાર્યક્રમો આપવા માટે શિબિર યોજવામાં આવે છે.

**૯. તાલીમ કાર્યક્રમ :**

વિભાગીય કક્ષાએ તથા ગાંધીનગર ખાતે વન વિષયક વિવિધ તાલીમ  કાર્યક્રમો યોજવામાં આવે છે.

**૧૦. તાલીમ પ્રભાગ હેઠળના મહા વિધાલયો, વિધાલયો અને અન્ય સંસ્થાઓ :**

રાજપીપળા, કાકરાપાર અને ગાંધીનગર ખાતે વન વિભાગની વિવિધ તાલીમ સંસ્થાઓ આવેલ છે.

**૧૧. પ્રચાર સાહિત્ય :**

વન ખાતા દ્વારા વિવિધ વિષયોને આવરી લેતું વન વિભાગ માટેનું જરૂરી સાહિત્ય પ્રકાશિત કરવામાં આવે છે.

**૧૨. વિવિધ દિવસોની પ્રસંગોની ઉજવણી :**

વન વિભાગ દ્વારા વિવિધ દિવસોની પ્રસંગોની ઉજવણી કરવામાં આવે છે.

**૧૩. પ્રકૃતિ અંક :**

પ્રકાશન અને સંપર્ક વિભાગ દ્વારા ત્રિમાસિક પ્રકાશન કરવામાં આવે છે.

**૧૪. હરિયાળા સોપાન :**

દર રવિવારે સાંજે ૬ઃ૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધી અમદાવાદ દુરદર્શન પર વન વિભાગ દ્વારા પ્રસારિત કરવામાં આવે છે.

**૧૫. અન્ય કોઈ પ્રચાર / પ્રસાર / જાણકારી અંગેની માહિતીઓ :**

વખતો વખત સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા જાણકારી આપવામાં આવે છે.